ઓછા વરસાદથી ચિલોડા પંથકના કપાસના ખેડૂતો ચિંતિત

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં મેઘરાજાની પધરામણીતો થઈ છે પરંતુ હજુ પણ મન મૂકીને વરસ્યો ન હોવાથી કપાસની ખેતી કરતા ખેડૂતો પર ચિંતાના વાદળો મંડરાયેલા છે. જો કે વરસાદની પ્રથમ ઈનીંગની આ ઝરમરથી તરસી ધરતીને થોડી રાહત જરૂર મળી છે. વરસાદની અનિશ્ચિતતા અને અનિયમિતતા ને કારણે નબળા ચોમાસાના સંજોગો પેદા થયા છે. લાંબા ઈંતેઝાર બાદ પણ મેઘરાજાની ધીમી એન્ટ્રીથી ખેડૂતો દ્વિધામાં મુકાયા છે. ચિલોડા પંથકમાં કપાસની ખેતી કરતા ખેડૂતો માટે પિયતની જરૂર ખૂબ પડે છે તેથી ઓછો વરસાદ તેની ચિંતાનું કારણ બન્યો છે. આથી આ ખેડૂતો સાંજના સુમારે નિયમિત ગ્રામ પરિષદ ભરીને હાલના પ્રતિકૂળ સંજોગમાં વાદ-વિવાદ એક કોરાણે મુકીને વિકાસલક્ષી વાર્તાલાપમાં મશગુલ થઈ ગયા છે. આ ધરતીપુત્રો સત્વરે વરૂણદેવ રીસામણાં ત્યજી ધરતી માતાને રસ તરબોળ કરે અને લીલોતરી પાથરે તેવી પ્રાર્થના પણ કરી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા દૂધ મંડળીના ચેરમેન, વાઈસ ચેરમેન નિમાયા

ચિલોડા, તા. ૧૭
ગાંધીનગર તાલુકાના ચિલોડા



મોટા ગામે ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સામાન્ય સભા યોજવામાં આવી હતી. સભામાં ચેરમેનની ટર્મપુરી થતા નવા ચેરમેનની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં ચેરમેન પદે ભાજપના અગ્રણી કાર્યકર પ્રહલાદભાઈ એફ. પટેલ અને વાઈસ ચેરમેન પદે દશરથજી કે. ઠાકોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ બન્ને હોદ્દેદારોની વરણીને મંડળીના સભાસદો અને ગામના અગ્રણીઓએ વધાવી શુભેચ્છાઓ પાઠવી છે.

વરસાદના પગલે જોખમી આવાસોની સ્થિતિ અંગે તંત્ર એ અભ્યાસ હાથ ધર્યો

નિકાલ હેઠળના જોખમી મકાનો તંત્ર માટે શરિદર્દ સમાન

ગાંધીનગર, તા.૧૭

વરસાદી ઋતુ શરૂ થતા જ શહેરના સરકારી આવાસોની છતમાંથી પોપડા ખરવા ઉપરાંત લીકેજીસની સમસ્યાઓ સામે આવી રહી છે. આવા સંજોગોમાં ભયાનક આવાસો તંત્ર માટે ચિંતાનું કારણ બન્યા છે. વરસાદના પગલે શહેરના સે-૧૩ અને ૭માં ભયાનક આવાસોની સ્થિતિ ચકાસવામાં આવી હતી. ભારે વરસાદના સંજોગોમાં જોખમી આવાસો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે.

શહેરમાં સરકારી આવાસોની કંગાળ હાલતના લીધે રહીશોએ પારવાર મુશ્કેલી વેઠવી પડે છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના ખંડેર હાલતમાં છે. આવાસ મજબૂતીકરણની યોજના અન્વયે પણ હજુ ઘણું કરવાનું બાકી છે. સેકટરોમાં નિકાલ હેઠળના ભયજનક આવાસોની સંખ્યા પણ વિશેષ છે. વરસાદી દિવસો શરૂ થતા જ આવાસોની છતમાંથી પોપડા ખરવા ઉપરાંત લીકેજીસની સમસ્યાઓ ઉદભવી છે. આવાસોની છતમાંથી પાણી ટપકતું હોવાની ફરિયાદોના લીધે રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. જયારે માથે સલામત છત ન મળતા પણ ભયજનક સ્થિતિ સર્જાઈ છે. વરસાદી દિવસોમાં જોખમી મકાનો ગમે ત્યારે કડડભૂસ ન થાય તે મામલે પણ તંત્રના અધિકારીઓએ જોખમી આવાસની સ્થિતિ ચકાસવા નિરિક્ષણ કર્યું હતું. સે-૬માં અગાઉ એક બ્લોક અચાનક જમીન દોસ્ત થયો હતો. જેના પગલે આવાસોની કંગાળ સ્થિતિ તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. નિકાલ હેઠળના ભયજનક આવાસો હાલ ખાલી છે પરંતુ મકાનો તોડી પાડવાના મામલે ઝડપી નિર્ણય ન લેવાતા તંત્રના માથે પણ આવાસો લટકતી તલવાર સમાન છે.

શહેરના સેકટર-૩-ડીમાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિરના પવિત્ર પ્રાંગણમાં આજથી શ્રી શિવ મહાપુરાણ અમર કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કથા શ્રી શ્રી ૧૦૮ શ્રી સ્વામી વૈરાગ્યનંદગીરી મહારાજ પંચાયતી નિરંજની અખાડાના સંતશ્રીની વ્યાસપીઠે શરુ કરવામાં આવી છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિભકતો ઉપસ્થિત રહ્યા હતા.

સામાન્ય વરસાદમાં પણ ખાડો પડી જતા એક ગાડી ફસાઈ

ગાંધીનગર, તા. ૧૭

હજુ તો નગરમાં સક્રીય ચોમાસાની શરૂઆત થઈ નથી ને ત્યાં તો સામાન્ય વરસાદમાં પણ ખાડાઓ પડી જવા માંડ્યા છે. આજે સે. ૨ના સ્વામિનારાયણ મંદિર સામે ગટરલાઈન તેમજ પાણીનો વાલ્વ આવેલો છે તે જગ્યાએ પડેલા ખાડામાં એક ગાડી ફસાઈ ગઈ હતી. ખાડાઓ ખોદ્યા પછી તેને વ્યવસ્થિત રીતે પુરાતા નથી. જેના કારણે નાગરિકો મુશ્કેલીમાં મુકાઈ જાય છે. પાટનગર યોજના ભવનની બેદરકારીના કારણે આ ખાડાઓ દ્વારા ક્યારેક જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે. ચોમાસુ પુરેપુરૂ બેસે તે પહેલા તંત્રે જાગૃત થઈ સત્વરે આવા ખાડાઓ પુરવા જોઈએ તેવી શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા રજૂઆત કરવામાં આવનાર છે.

સેક્ટર-૭ની પોસ્ટ ઓફિસના કર્મચારીઓનું અસહકારભર્યું વલણ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સે. ૭ની પોસ્ટ ઓફિસમાં અપૂરતી જગ્યા હોવા બાબતે અવારનવાર રજૂઆતો કરવામાં આવી છે. તા. ૧૯મી જૂને યોજાયેલી 'ડાક અદાલત'માં પણ સરકાર સાથે આ બાબતે જે પત્રવ્યવહાર થયો હોય તેની નકલો પરિષદને આપવા પોસ્ટ ઓફિસના સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરાઈ હતી. પરંતુ આજ દિન સુધી કોઈ નકલો આપવામાં આવી નથી. પરિષદને હાલ અનૌપચારિક રીતે મળેલ માહિતી મુજબ સે. ૭ની પોસ્ટ ઓફિસને વધારાની જગ્યા ફાળવવા સ્વીકૃતિ અપાઈ છે પરંતુ હજુ સુધી એક યા બીજા બહાને તેનો અમલ કરાતો નથી અને પરિષદને તે બાબતે યોગ્ય ખુલાસો પણ આપવામાં આવતો નથી. નગરના સિનીયર સીટીઝન્સ અને વયસ્કોને પડતી મુશ્કેલી અંગે કાર્યરત જાગૃત નાગરિક પરિષદે પોષ્ટ ઓફિસના સ્ટાફના અસહકારભર્યા વલણ બાબતે રોષ વ્યક્ત કર્યો છે.

દેશી બનાવટની રાયફલ સાથે લવારપુર સીમમાંથી ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક આવેલા લવારપુર ગામની સીમમાંથી ગાંધીનગર એસઓજીની ટીમે બાતમીને આધારે એક ડફેરને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી દેશી બનાવટની એક રાયફલ મળી આવતા જજ્ઞ કરીને ડફેર સામે આર્મ્સ એક્ટનો ગુનો દાખલ કરી આરોપીને ડભોડા પોલીસને સોંપી દીધો છે. ડભોડા પોલીસે આરોપી ડફેરની પૂછતાછ શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પી. આઈ. જે. ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમ ગેરકાયદેસર હથિયારો ધરાવતા શખ્સોને ખાનગી બાતમી મેળવીને પકડવા માટે તજવીજ કરી છે ત્યારે ગઈ કાલે મળેલી બાતમીને આધારે ગાંધીનગર નજીકના લવારપુર ગામની સીમમાં વોચ ગોઠવીને એસઓજીની ટીમે એક ડફેરને ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપી પાડ્યો હતો. વલી મહમ્મદ મુરાદ ઉસ્માન સિંધી નામના ડફેરને દેશી બનાવટના રાયફલ સાથે સરકારી બોર કુવા પાસેથી એસઓજીએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. હથિયાર સાથે તેની ધરપકડ કરી લઈને ડફેર સામે ગુનો દાખલ કરી એસઓજી એ ડભોડા પોલીસને સોંપી દીધો છે. આ અંગે વધુ તપાસ માટે ડભોડા પોલીસે ડફેરની સઘન પૂછપરછ શરુ કરી છે.

થાઈરોઈડની બિમારીથી કંટાળી ગયેલી પરિણીતાએ કેનાલમાં ઝંપલાવ્યું

૨૮ વર્ષીય પરિણીતા ગઇકાલે પણ કેનાલ પાસે આવી હતી પરંતુ સિક્યુરિટીએ સમજાવીને ઘરે પરત મોકલી હતી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીકના લીબડીયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં એક પરિણીતાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અમદાવાદના ઝૂલતા મિનારા વિસ્તારની આ ૨૮ વર્ષીય પરિણીતાએ થાઈરોઈડની બીમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું -થમિક તપાસમાં જાણવા મળ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગતો મુજબ ગઈ કાલે પણ આ પરિણીતા લીબડીયા કેનાલ પાસે છલાંગ મારવા આવી હતી પરંતુ સિક્યુરિટી ગાર્ડની નજર પડતા તેણીને રોકીને સમજાવી ઘરે પરત મોકલી હતી.

મળતી માહિતી -માણે અમદાવાદના ઝૂલતા મિનારા વિસ્તાર ખાતે રહેતી ૨૮ વર્ષીય પરિણીતા પુષ્પા રવિકુમાર ચાવડા નિસંતાન હતી. તેણીને થાઈરોઈડની ગંભીર બીમારીની દવાઓ ચાલતી હતી. બીમારીથી કંટાળી ગયેલી પુષ્પા વીસેક દિવસથી તેણીના પિયર નોબલનગર રહેતી હતી. ગઈ કાલે પુષ્પા લીબડીયા કેનાલ પાસે આપઘાત કરવા પહોચી ગઈ હતી. જો કે સદ્દનસીબે કેનાલ સિક્યુરિટી ગાર્ડનું ધ્યાન તેણીની ઉપર પડતા રોકી દઈ સમજાવીને ઘરે મોકલી દીધી હતી. દરમિયાન આજે સવારે તે જ પરિણીતાનો મૃતદેહ લીબડીયા કેનાલમાંથી મળી આવ્યો હતો. રાત્રી દરમિયાન તેણીએ ફરીથી આ વિસ્તારમાં આવીને આપઘાત કરી લીધો હોવાની શક્યતા છે. મૃતદેહ અંગે કેનાલ સિક્યુરિટી ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

આસિઆની બેઠક રવિવારે મળશે અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧૭

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનિયર્સ એન્ડ આર્કિટેકના સભ્યોની માસિક બેઠક યોજવામાં આવશે તેમજ એસોસિએશન દ્વારા શહેરમાં વસવાટ કરતા અને એન્જિનીયરીંગમાં ૬૦ ટકા ગુણ મેળવેલ વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવશે.

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનિયર્સએન્ડ આર્કિટેકના સભ્યોની દર માસે બેઠક મળે છે ત્યારે જુલાઈ માસની બેઠક આગામી તા. ૨૦જુલાઈ રવિવાર સવારે ૧૦.૩૦વાગેસિ.સિ.ક્રા. કાર્યાલય, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧માં મળશે. બેઠકમાં સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

તેમજ એસોસિએશન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. ગાંધીનગર શહેરમાં વસતા અને એન્જિનીયરીંગની કોઈ પણ ફેકલ્ટીમાં સ્નાતક કક્ષાએ ૬૦ટકા ગુણ વર્ષ ૨૦૧૩-૧૪ લેવાયેલ ફાઈનલ પરીક્ષામાં મેળવ્યા હોય તેવા પ્રથમ બે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. જે વિદ્યાર્થીઓ ઉપરોકત કેટેગરીમાં આવતા હોય તેમણે પોતાની સંપૂર્ણ માહિતી અને ફોટોગ્રાફ હસમુખ શાહ પ્લોટ નં. ૪૬૫-એ-૧, ગોકુલ સોસાયટી, સેકટર-૮માં તા. ૧૫ ઓગષ્ટ પહેલા મોકલી આપવાના રહેશે.

બરોડા સ્વરોગાર વિકાસ સંસ્થા દ્વારા બ્યુટી પાર્લર તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર આપી વિદાય અપાઈ

ગાંધીનગર, તા.૧૭

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે. ત્યારે સંસ્થામાં બ્યુટી પાર્લરની તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીઓનો પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૦૩માં બેંક ઓફ બરોડા દ્વારા બેરોજગાર યુવાનોને રોજગાર મળી રહે તેવા આશયથી બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન સ્થાપવામાં આવી છે. સંસ્થા દ્વારા ૧૮ થી ૪૫ વર્ષ ધરાવતા યુવક યુવતીઓને લઘુત્તમ લાયકાત મુજબ તાલીમ આપવામાં આવે છે. તેમજ તાલીમ મેળવવા આવતા તાલીમાર્થીઓને સંસ્થા વિના મૂલ્યે રહેવાની અને જમવાની પણ સગવડ પૂરી પાડે છે. તેમજ ધંધા માટે બેંક લોનની પણ વ્યવસ્થા કરી આપવામાં આવે છે.

ત્યારે સંસ્થામાં બ્યુટીપાર્લરની તાલીમ પૂર્ણ કરેલ ૨૭ બહેનોનો વિદાય અને પ્રમાણપત્ર વિતરણ સમારોહ ડાયરેકટર કે.સી. રાઓલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. અહીંયા તાલીમ મેળવેલ બહેનો સ્વનિર્ભર બને તે માટે રાઓલે શુભેચ્છાઓ પાઠવી હતી. બહેનોને કૃતિકા વાયડા દ્વારા તાલીમ આપવામાં આવી હતી ત્યારે રોજગાર લક્ષી તાલીમ મેળવવા ઈચ્છુક ભાઈ બહેનો સંસ્થાનો સંપર્ક કરી શકે છે તેમજ ૨૩૨૪૬૨૦૪ પરથી માહિતી પણ મેળવી શકે છે.

એક સાથે ૩૬૦૦ વિદ્યાર્થી અને ૭૫ શિક્ષકોને ફાયર સેફટીની જાણકારી આપવામાં આવી

સેક્ટર-૨૩ આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

હાલમાં સમયમાં કુદરતી આફતોનું પ્રમાણ વધ્યું છે. ત્યારે આવી આણધારી આવી પડતી આફતો સામે કેવી રીતે રક્ષણ મેળવી શકાય તે માટે શ્રીમતી આર.એન.પટેલ પ્રા. સ્કૂલ અને શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલમાં ફાયરસેફટી એવરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સેક્ટર-૨૩માં આવેલ શ્રીમતી આર.ેન. પટેલ પ્રાથમિક સ્કૂલ અને શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલમાં ફાયરસેફટી એવરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો. ફાયરસેફટી જાગૃતિ કાર્યક્રમમાં આર.એન.પટેલ પ્રાથમિક શાળાના ૧૧૦૦ વિદ્યાર્થી અને ૨૫ શિક્ષકો તેમજ આર.સી. પટેલ હાઈસ્કૂલના ૨૫૦૦ વિદ્યાર્થીઓ અને ૫૦ શિક્ષકો જોડાયા હતા.

કાર્યક્રમમાં ગિફ્ટસિટીના ફાયર ચીફ ઓફિસર એસ.વી. જાડેજાએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અગ્નિશામક યંત્રો વિશેની માહિતી પુરી પાડી હતી. તેમણે યંત્રોની માહિતી આપી તેનો ઉપયોગ કેવી રીતે કરાય તેની પણ વિગતે ચર્ચા કરી હતી. તેમણે ગત જુલાઈ ૨૦૦૪ના રોજ ચેન્નાઈની એક શાળામાં બનેલ દુર્ઘટનાની પણ માહિતી આપી હતી. અગ્નિશામક યંત્રોના કારણે સ્કૂલમાં ૯૩ બાળકો આગમાં ભડથુ થઈ ગયા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે જો આ બાળકોમાં ફાયરસેફટીની જાણ હોય તો કદાચ આ દુર્ઘટના ન બની હોત. માનવ સર્જિત હોનારતો, ધરતીકંપ, વાવાઝોડા અને અતિ વરસાદમાં કેવા પગલા લેવા જોઈએ તે માટે ફાયર એસ્કેપ ડ્રીલનું નિદર્શન પણ કરાયું હતું.

અહિંયા ઉપરના બાળકો ફસાઈ ગયા છે અને તેમણે કેવી રીતે બચાવવા તે પણ મોકડ્રીલ કરી બતાવવામાં આવ્યુ ંહતું. આ મોકડ્રીલને બાળકોએ સફળ બનાવી હતી. તેમજ ફાયર સેફટી વિશેની વધુ માહિતી માટે swastik.jadeja@gift guj.in પર સંપર્ક કરી મેળવી શકાશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૨૬

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૭૩ ટકા
વરસાદ : ૩૨.૫ મી.મી

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૩૦
હેટ સ્ટોરી ૨ : ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
પિઝા (૩ડી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અમીત સાહની કી લીસ્ટ : ૧૨.૩૦, ૨.૪૫
રિયાસત : ૫.૦૦
લાઈ ભારી (મરાઠી) : ૭.૦૦, ૧૦.૦૦
એક વિલન : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૬.૪૫
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે) , ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સાથીઓ ચાલો ખોડલ ધામ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ સાતમ, તા. ૧૮-૭-૨૦૧૪, શુક્રવારના રોજ ગુલાબી ઘટાના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર

આપની આજ

મેષ : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. બઈસાબા ભવાનજી ચાવડા (ઉ.વ.૯૫) ગામ - કાંઠા, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ચૂંથાજી સોમાજી ઠાકોર (ઉ.વ.૭૫) ગામ-મોટી આદરજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. અમરતજી મફાજી પ્રજાપતિ (ઉ.વ. ૭૫) મુ. ઉવારસદ, તા.જી. ગાંધીનગર
- સ્વ. નરેશકુમાર ભીખાભાઈ પટેલ (ઉ.વ.૪૦) મુ.પો. રાંધેજા, તા.જી. ગાંધીનગર